GJMR010012452026

| | | |
|---|---|---|
| **દાખલ તારીખ** | : | ૨૧-૦૪-૨૦૨૬ |
| **રજીસ્ટરે લીધા તારીખ** | : | ૨૧-૦૪-૨૦૨૬ |
| **નિકાલ તારીખ** | : | ૨૭-૦૪-૨૦૨૬ |
| **અવધિ** | : | વર્ષ માસ દિવસ |
| **આંક** | : | |

**<u>મોરબી જીલ્લાના અધિક સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુ. મોરબી.</u>**

**ફો.પ.અ.નં. ૫૮૨/૨૦૨૬**
**આંક**

**જયભાઇ સુરેશભાઇ દેત્રોજા**
ઉ.વ.:- ૩૦, ધંધો:- નોકરી,
રહે. મેરવદર, પરસોતમભાઇ રાદડીયાના
મકાનમાં ભાડેથી, તા. ઉપલેટા જી. રાજકોટ
મુળ રહે. પ્રતાપગઢ તા. હળવદ જી. મોરબી
હાલ સબ જેલ મોરબી. **અરજદાર**

**વિરુધ્ધ**

**શ્રી ગુજરાત સરકાર,**
મારફતે : વિ.પી.પી.શ્રી,
મોરબી. **સામાવાળા**

---

**બાબત :- મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૫૮૮/૨૦૨૫, આઇ.પી.સી. કલમ- ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦, ૩૪, ૨૦૧, ૨૦૪, ૧૯૩, ૧૮૨ મુજબના ગુનાના કામે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે પ્રથમ રેગ્યુલર જામીન મેળવવા માટેની અરજી**

---

**વકીલશ્રીઓ :- અરજદાર તરફે વિ.વ.શ્રી જે.આર.જાડેજા**
**સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એન.ડી.કારીયા**

---

**<u>-: ઠરાવ :-</u>**

૧. અરજદાર/આરોપી દ્વારા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૪૮૩ અન્વયે અરજીમાં જણાવેલ કારણોસર નિયમીત જામીન મેળવવાની હાલની અરજી દાખલ કરેલ છે.

૨. અરજદાર/આરોપીની જામીન અરજી રજુ થતા આ કામે સામાવાળા/સરકારશ્રીને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી એન.ડી.કારીયા પોલીસ તપાસના કાગળો સાથે હાજર થયેલ છે. તેમજ તપાસનીશ અમલદારે અરજદાર/આરોપીની વિરુધ્ધનું આંક-૦૫ થી સોગંદનામું રજુ કરેલ છે. જે વંચાણે લીધુ.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી જે.આર.જાડેજા નાઓ દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૫૮૮/૨૦૨૫, આઇ.પી.સી. કલમ- ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦, ૩૪, ૨૦૧, ૨૦૪, ૧૯૩, ૧૮૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. અરજદાર/આરોપીનું ફરીયાદમાં નામ આપવામાં આવેલ નથી કે અરજદાર/આરોપીનો કોઇ રોલ ફરીયાદમાં દર્શાવેલ નથી તેમજ સમગ્ર ફરીયાદ જોતા અરજદાર/આરોપી ઉપર કોઇપણ જાતના બોગસ ડોકયુમેન્ટ બનાવવાનો કે તેમાં સહી કરવાનો કોઇ આક્ષેપ કરવામાં આવેલ નથી. વધુમાં વિ.વ.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીએ હાલના ફરીયાદી કે અન્ય કોઇ લોકો સાથે કોઇ છેતરપીંડી કે વિશ્વાસઘાત કરેલ હોય તેવુ પણ ફરીયાદ પરથી જણાઇ આવતુ નથી. અરજદાર/આરોપી પાસેથી કોઇ બોગસ ડોકયુમેન્ટ કબજે થયેલ નથી. વધુમાં વિ.વ.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે,

અરજદાર/આરોપી બેંકમાં નોકરી વ્યકિત છે અને કોઈપણ વ્યકિત બેંકમાં આવી અરજદાર/આરોપી પાસે ફોર્મ ભરવા અંગે કે અન્ય કોઇ રીતે મદદ માંગે તો અરજદાર/આરોપીને નોકરીના ભાગરૂપે તે વ્યકિતની મદદ કરવાની હોય છે અને તેને જરૂરી ફોર્મ ભરી આપવાના હોય છે. સદરહુ કામમાં અરજદાર/આરોપીએ કોઇ નાણાકીય લાભ લીધેલ હોય કે અરજદાર/આરોપીને કોઇ રકમ મળેલ હોય તેવુ સમગ્ર ફરીયાદ જોતા જણાઇ આવતુ નથી. અરજદાર/આરોપી તદન નિર્દોષ છે. અરજદાર/આરોપી વર્ષોથી અરજીના સરનામે રહે છે. જામીન પર મુકત કરવામાં આવશે તો કયાંયી નાશી ભાગી જશે નહી. અરજદાર/આરોપી સામેના કેસની ટ્રાયલ ચાલવામાં ઘણો લાંબો સમય લાગે તેમ છે. અરજદાર/આરોપી નિર્દોષ હોય અરજદાર/આરોપીને પ્રિ–ટ્રાયલ પનીસમેન્ટ થાય તેમ છે. જેથી નામ. સુપ્રિમ કોર્ટના ૨૦૧૨(૧) જી.એલ.એચ. પાના નં. ૯૩ સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ. ના પેરા ૨૫, ૨૬, ૨૭ તથા સદર ચુકાદામાં જણાવેલ જામીન અંગેના સિધ્ધાંતો ધ્યાને લઇ હાલની અરજી મંજુર કરવા અરજ કરેલ છે. વધુમાં અરજદાર/આરોપી ટ્રાયલ ચાલતા દરમ્યાન તેઓ નિયમીત રીતે મુદત હરોળમાં નામદાર કોર્ટમાં હાજર રહેશે. ફરીયાદપક્ષના સાહેદોને કોઈપણ પ્રકારની લાલચ, ધાક, ધમકી કે પ્રલોભન આપી તેઓને તોડવા ફોડવા કોઈ પ્રયાસ કરશે નહી. જેથી અરજદારને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**૪.** અરજી સામે વાંધો ઉઠાવી વિ.એ.પી.પી.શ્રી એન.ડી.કારીયા દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૫૮૮/૨૦૨૫, આઇ.પી.સી. કલમ– ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦, ૩૪, ૨૦૧, ૨૦૪, ૧૯૩, ૧૮૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. વધુમાં

વિ.એ.પી.પી.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, તપાસ દરમ્યાન અરજદાર/આરોપીએ કાવતરાના ભાગરૂપે રાજકોટ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેન્કમાં પટાવાળા તરીકે નોકરી કરતા હોય જેથી તા. ૧૭–૧૦–૨૦૨૨ ના રોજ સહઆરોપી અશોકભાઈ મકવાણા બેંકમાં ગયેલ ત્યારે ફરીયાદીની નવીચેક બુકની અરજી કરવામાં મદદ કરી તેમજ નવી ચેકબુક આવી જતા સાહેદ ગોવિંદપુરીને ફોન કરીને જાણ કરતા સહઆરોપી ઉપેન્દ્રભાઈના કહેવાથી સહઆરોપી અશોકભાઈ તા. ૧૯–૧૦–૨૦૨૨ ના રોજ ફરીયાદીની નવી ચેકબુક લેવા માટે ગયેલ ત્યારે અરજદાર/આરોપીએ સહઆરોપી અશોકભાઈની સહી લઈ ફરીયાદીની જાણ બહાર ફરીયાદીની નવી ચેકબુક આપેલ હતી. વધુમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે રાજકોટ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંકના મેનેજર જયંતીલાલ બોડાના નીવેદન તેમજ રીપોર્ટમાં તથા બેન્ક કર્મચારી મનીશભાઈ ગજેરાના નીવેદનમાં અરજદાર/આરોપીનું નામ ખુલવા પામેલ છે. વધુમાં વિ.એ.પી.પી.શ્રી દ્વારા દલીલ કરવામાં આવેલ છે કે, આ કામે બેંકના સી.સી.ટી.વી.ફુટેજ કબજે કરવામાં આવેલ છે જે બેન્કના સી.સી.ટી.વી.ફુટેજમાં અરજદાર/આરોપી સહઆરોપી અશોક મકવાણાને મદદ કરતો જોવામાં આવેલ છે. અરજદાર/આરોપી વિરુધ્ધ પ્રથમ દર્શનીય ગંભીર ગુનો હોય સદર ગુનામાં અરજદાર/આરોપી પ્રથમથી જ સંડોવાયેલા છે. તેઓ સામે પ્રથમ દર્શનીય કેસ છે. વધુમાં એવી દલીલ કરેલ છે કે, આ કામે તપાસ હાલ ચાલુ છે. તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો, આ કામના સાહેદો તથા પંચો ને ધાક–ધમકી આપી પુરાવા સાથે ચેડા કરે–કરાવે તેવી શકયતાઓ છે તેમજ તેઓ નાસી–ભાગી જાય તેવી શકયતાં હોય તેમજ ટ્રાયલ દરમ્યાન હાજર ન રહે તેવી શકયતાંઓ હોય, જેથી આ રેગ્યુલર જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

૫. ઉભયપક્ષોની રજુઆતો ધ્યાને લીધી. પોલીસ પેપર્સ ધ્યાને લેતાં, આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૫૮૮/૨૦૨૫, આઇ.પી.સી. કલમ– ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦, ૩૪, ૨૦૧, ૨૦૪, ૧૯૩, ૧૮૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ અંગેની ફરીયાદ દાખલ થયેલ છે. રેકર્ડ ધ્યાને લેતા હાલના અરજદાર/આરોપીનું નામ એફ.આઇ.આર.માં જણાવવામાં આવેલ નથી પરંતુ ગુનાની તપાસના કામે અરજદાર/આરોપીનુ નામ ખુલવા પામેલ છે. કથીત બનાવ સમયે અરજદાર/આરોપી રાજકોટ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંકમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા હતા. પટાવાળાની મુખ્ય ફરજ બેંકમાં આવતા ગ્રાહકો પાસે ફોર્મ ભરવા અને અન્ય કોઇ બેંકને સંલગ્ન બાબતમાં મદદ કરવાની હોય છે. હાલના અરજદાર/આરોપીનું નામ રાજકોટ ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બેંકના મેજેનર જયંતીલાલ બોડાના નીવેદનમાં તથા બેન્ક કર્મચારી મનીષભાઇ ગજેરાના નીવેદનમાં ખુલવા પામેલ છે. અરજદાર/ આરોપીનો સંલગ્ન ગુનામાં રોલ ધ્યાને લેતા અરજદાર/આરોપીએ અન્ય સહઆરોપી અશોકભાઇ બેંકમાં ગયેલ ત્યારે ફરીયાદીની નવીચેક બુકની અરજી કરવામાં મદદ કરેલ જે હાલના અરજદાર/આરોપીએ પોતાના નોકરીના ભાગરૂપે કરેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઇ આવે છે. વધુમાં હાલના અરજદાર/આરોપીએ અન્ય કોઇ વ્યકિતને ફોન કરી ચેકબુક લેવા ફોન કરેલ છે કેમ તે એક પુરાવાનો વિષય બની રહે છે જેની ચર્ચા હાલના તબકકે કરવાની રહેતી નથી. વધુમાં હાલનો ગુનો જે.એમ.એફ.સી. ટ્રાયેબલ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી દ્વારા નામ. અદાલત જે જે શરતો ફરમાવશે તેનું પાલન કરવાની ખાત્રી અને બાંહેધરી આપવામાં આવેલ છે. વધુમાં અરજદાર/આરોપી વિરુધ્ધના ગુનાની ટ્રાયલ ચાલતા સમય જાય તેમ છે તે સંજોગોમાં અરજદાર/આરોપીને વધુ જેલમાં રાખવાનું કોઇ કારણ જણાતુ નથી. જો આરોપીને લાંબા સમય

સુધી જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થયાનું નકારી શકાય તેમ નથી. ફોજદારી ન્યાયશાસ્ત્રમાં '' જામીન એ નિયમ અને જેલ એ અપવાદ છે. '' તે સિધ્ધાંત સાથે વ્યકિત સ્વતંત્રતાનો સિધ્ધાંત તેમજ નામદાર સુપ્રિમ કોર્ટના સંજયચંદ્ર વિ. સી.બી.આઇ., ૨૦૧૨ (૧), એસ.સી.સી. ૪૦ તેમજ સત્યંનદ્ર અંટીલ વિ. સી.બી.આઇ.ના કેસના ચુકાદામાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા અરજદાર/આરોપીને જામીન મુકત કરવા ઉચીત અને ન્યાયી જણાઇ આવે છે.

**૬.** આમ, ઉપરોકત ચર્ચાના અંતે કેટલીક શરતોને આધિન કેસના ગુણદોષની વિશેષ ચર્ચા કર્યા સિવાય હાલની જામીન અરજી મંજુર કરવાની વિવેકાધિન સતા વાપરવી ઉચિત જણાતી હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

**૧.** અરજદાર/આરોપીની ફોજદારી પરચુરણ અરજી નં. ૫૮૨/૨૦૨૬ આથી **"મંજુર"** કરવામાં આવે છે.

**૨.** અરજદાર/આરોપી **જયભાઇ સુરેશભાઇ દેત્રોજા,** ઉ.વ.:– ૩૦, ધંધો:– નોકરી, રહે. મેરવદર, પરસોતમભાઇ રાદડીયાના મકાનમાં ભાડેથી, તા. ઉપલેટા જી. રાજકોટ, મુળ રહે. પ્રતાપગઢ તા. હળવદ જી. મોરબી, હાલ સબ જેલ મોરબી નાઓએ રૂા. ૨૫,૦૦૦/– (અંકે પચ્ચીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા નીચેની અદાલતમાં કરી આપ્યેથી, મોરબી સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન એ પાર્ટ ગુના રજી. નં. ૧૫૮૮/૨૦૨૫, આઇ.પી.સી. કલમ– ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧, ૧૧૪, ૧૨૦, ૩૪, ૨૦૧, ૨૦૪, ૧૯૩, ૧૮૨

મુજબના ગુનાના કામે, બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ તેમને નીચેની શરતોને આધીન કસ્ટડી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

(૧) અરજદાર/આરોપીએ ચાર્જશીટ ફાઇલ થયા સુધી દર પંદર દિવસે તપાસ કરનાર અમલદાર સમક્ષ હાજર રહેવુ.

(૨) અરજદાર/આરોપીને તપાસ કરનાર અમલદાર જયાં અને જયારે બોલાવે ત્યારે ત્યાં અને ત્યારે હાજર રહી ગુન્હાની તપાસમાં સંપુર્ણ સહકાર આપવાનો રહેશે.

(૩) અરજદાર/આરોપીએ તેમની સામે ચાલતા કેસની ટ્રાયલ દરમ્યાન નિયમિત પણે કોર્ટમાં હાજર રહેવું.

(૪) અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષ ના સાહેદોને ધાક ધમકી, લાલચ, પ્રલોભન આપવા–અપાવવા નહી કે ફરીયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહી.

(૫) અરજદાર/આરોપીએ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી આ કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

(૬) અરજદાર/આરોપી જયાં રહે ત્યાંના રહેઠાણનું સરનામું તથા કાયમી રહેઠાણના સરનામા, મોબાઈલ નંબર અંગેની વિગત જામીન આપતી વખતે રજુ કરવી તથા તેમાં કોઈ ફેરફાર થાય તો તેની લેખીત માં જાણ ટ્રાયલ કોર્ટને કરવી.

(૭) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતાં હોય તો તે જામીન મુકત થયા બાદ દિન–૭(સાત) માં ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરવાનો રહેશે. અને જો પાસપોર્ટ ધરાવતા નહોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

- ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો અરજદાર/આરોપી ભંગ કરશે તો, જામીન અંગે કરેલો હુકમ રદ ગણવામાં આવશે.
- આ હુકમની જાણ સબંધીત કોર્ટ તથા સબંધીત પોલીસ સ્ટેશનને

કરવી.

આ હુકમ આજરોજ તારીખ : ૨૭, માહે : એપ્રિલ, સને – ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– મોરબી
તા. ૨૭/૦૪/૨૦૨૬

**(કમલ રસીકલાલ પંડયા)**
એડીશ્નલ સેશન્સ જજ, મોરબી
(કોડ નં.જીજે૦૦૭૩૯)

AHP